જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૭/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૫૬/૧૭**

## અમદાવાદ શહેરના ખુનની કોશીષ, લુંટ તથા ચેઈન સ્નેચીંગના અનેક ગુનાઓમાં વોંન્ટેડ આરોપીને પકડી પાડી ચેઈન સ્નેચીંગના બીજા ગુનાઓનો ભેદ ઉકેલતી ક્રાઈમબ્રાન્ચ

અમદાવાદ શહેરમાં ખુન, ખુનની કોશીષ જેવા ગંભીર પ્રકારના શરીર સબંધીગુનાઓમાં તથા ધાડ,લુંટઅને ચેઈન સ્નેચીંગ તથા ચોરી જેવા મિલકત સબંધી ગુનાઓમાં વોન્ટેડ આરોપીને પકડી પાડવા સારૂ તેમજ મિલકત સબંધી ગુનાઓમાં અગાઉ પકડાયેલ આરોપીઓની હાલની પ્રવૃતિબાબતે તપાસ કરી અનડીટેકટ મિલકત સબંધી ગુનાઓમાં આવા આરોપીઓની સંડોવણીની શક્યતા બાબતે તપાસ કરી આવા અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના આધારે શ્રી જે.કે.ભટ્ટ, સંયુકત પોલીસ કમિશ્નર ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી રાજદિપસિંહ ઝાલા, મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમબ્રાન્ચ નાઓનીસુચના અને માર્ગદર્શન આધારેપો.સ.ઈ. શ્રી જે.એન.ગોસ્વામી તથા પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ તથા તેઓની ટીમના માણસો આ પ્રકારના ગુન્હાઓમાં વોન્ટેડ આરોપીઓ શોધી કાઢવા તેમજ અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા સારૂ બાતમીદારોનો સંપર્ક કરી સઘન પ્રયત્નો હાથ ધરેલ દરમ્યાન આજરોજ તા.૧૬/૭/૨૦૧૭ ના રોજ તેઓની ટીમને મળેલ બાતમી આધારે **"વટવા પો.સ્ટે.ના ફર્સ્ટ ગુ.ર.નં.૧૬૫/૧૪ ઈ.પી.કો. કલમ ૩૯૪,૩૨૪,૧૧૪ તથા ફ.ગુ.ર.નં. ૧૮૧/૧૫ ઈ.પી.કો. કલમ ૩૯૪ વિગેરે તથા ફ.ગુ.ર..નં.૨૮૫/૧૫ ઈ.પી.કો. કલમ ૩૯૩ વિગેરે તથા ફ.ગુ.ર.નં.૬૨૦/૧૩ ઈ.પી.કો.કલમ ૩૯૨.૧૧૪ મુજબ તથા શહેરકોટડા પો.ટે.ના ફ.ગુ.ર.નં.૧૧૯/૨૦૧૪ ઈ.પી.કો કલમ ૩૦૭,૩૨૩,૨૯૪(ખ) મુજબના ખુનની કોશીષના ગુનામાં વોન્ટેડ આરોપી ઈકબાલ ઉર્ફે રાજા મજીદખાન પઠાણ રહે. સૈયદવાડી વટવા અમદાવાદ નાને નારોલ સર્કલ હનુમાનજીના મંદિર સામેથી પકડી લઈ તેના વિરૂદ્ધ અત્રેની શાખા ખાતે સી.આર.પી.સી. ૪૧(૧)એ મુજબકાર્યવાહી કરવામાં આવેલ છે.**

**પકડાયેલ ઈકબાલ ઉર્ફે રાજા મજીદખાન પઠાણ નાનો અગાઉ બાઈક ચોરી તથા ચેઈન સ્નેચીંગના ગુનાઓમાં પકડાઈ ચુકેલ હોય જેની સઘન પુછપરછ કરતાં તેણે પોતાના એક મિત્ર કે જે સૈયદવાડી વટવા ખાતે રહે છે તે મોહસીન ઉર્ફે ચાચા ઉર્ફે પીલ્લો નાએ મળી ગઈ તા.૨૩/૯/૨૦૧૫ ના રોજ રાત્રીના આઠેક વાગ્યાના સુમારે પોતાની પલ્સર બાઈક ઉપર બેસી અજીતમીલ ચાર રસ્તા પાસે આવેલ મણીયાર ટ્રેલર સામે એક બેનના ગળામાંથી ચાલુ બાઈકે ચેઈન તોડેલ હોવાનુ તેમજ આ સિવાય પોતે તથા મોહસીને બન્ને મળી ગઈ તા.૨૦/૧૦/૨૦૧૫ ના રોજ સીટીએમ. બ્રીજ નીચે પલ્સર ઉપર જઈ ત્યાં એક બેનના ગળામાંથી મંગળસૂત્રખેચેલ હોવની કબુલાતકરતાં જે આધારે તપાસ કરતાં ઉપરોકત બન્ને બનાવ બાબતે અનુક્રમેનુ જણાવતાં (૧) રામોલ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૨૪૩/૧૫ ઈ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬ મુજબતથા (૨) બાપુનગરપો.સ્ટે. ના ફર્સ્ટ ગુ.ર.નં.૨૦૬/૧૫ ઈ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય બન્ને પો.સ્ટે. ને જાણ કરવામાં આવેલ છે.**

તેમજ આ સિવાય આરોપી ઈકબાલ ઉર્ફે રાજા નાનો છેલ્લા કેટલાક સમયથી મુંબઈખાતે અવર જવર કરતો હતો અને તેણે મુંબઈમાંપણ અલગ અલગ જગ્યાએ લુંટો તથા ચેઈન સ્નેચીંગ કરેલ હોવાની કબુલાત કરતો હોય જે બાબતે આગળની વધુ પુછપરછકરી જે અંગે આગળની વધુ તપાસ પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી નાઓ કરી રહેલ છે.

**સુરક્ષા સેતુ રથ:**

દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુંઆયોજન કરી, દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ















**રામોલ પોલીસ સ્ટેશનઃ-**

**જનતાનગર તલાવડીના છાપરા પાસે ખુલ્લી જગ્યામાં રેડ કરી ૧૭ જુગારીઓને પકડી કિ.રૂ. ૪૧,૬૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસર કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર**

આજરોજ તા.૧૭/૦૭/૧૭ ના રોજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ડોકટર ગીરીશ પંડ્યા ઝોન-૫ સાહેબ તેમજ મદદનિશ પોલીસ કમિશ્નર રઘુવંશી સાહેબ તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી કે.એસ.દવે સાહેબ નાઓની સુચના આધારે જુગારની પ્રવૃતિ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ અમો સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૧૫/૩૦ વાગે જનતાનગર પાસે આવતા સાથેના પો.કો કાનાભાઇ સુરાભાઇ બનં.૧૦૦૭૮ નાઓની બાતામી હકીકત આધારે જનતાનગર તલાવડીના છાપરા પાસે ખુલ્લી જગ્યામાં રેડ કરી પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડતા ૧૭ ઇસમોને રોકડા રૂ. ૨૧,૯૦૦/- તથા ૧૩ મો.ફોન કિ.રૂ. ૧૯,૭૦૦/- ની મત્તા સાથે પકડી તમામની વિરૂધ્ધમાં ધી જુગારધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

---

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.